અગરકરની વિદાય સાથે ચાર વર્ષ પછી ભુવનેશ્વરની ભારતીય ટીમમાં વાપસી

ન્યૂઝીલેન્ડ પ્રવાસ માટે જાહેર થયેલી ભારતીય ટી-20 ટીમમાં વરુણ ચક્રવર્તીનું પણ વાપસી

પાંચ મેચની ટી-20 સીરિઝ 22 ઓક્ટોબરથી પહેલી નવેમ્બર દરમિયાન રમાશે

નવી દિલ્હી, તા. 06 (પીટીઆઇ) : ન્યૂઝીલેન્ડ સામે આ મહિનાના અંતમાં યોજાનારી પાંચ ટી-20 મેચની સીરિઝ માટે ભારતીય ટીમની જાહેરાત કરવામાં આવી છે. આ સીરિઝ માટે અનુભવી ઝડપી બોલર ભુવનેશ્વર કુમારની લગભગ ચાર વર્ષના લાંબા વિરામ બાદ રાષ્ટ્રીય ટીમમાં વાપસી થઈ છે. જ્યારે દિગ્ગજ બોલર જસપ્રીત બુમરાહને ટી-20 સીરિઝમાંથી આરામ અપાયો છે. માજી મુખ્ય પસંદગીકાર અજિત અગરકરના રાજીનામાં બાદ અને પ્રજ્ઞાન ઓઝાના વચગાળાના અધ્યક્ષપદ હેઠળ બીસીસીઆઇ દ્વારા જાહેર કરવામાં આવેલી આ પ્રથમ ટીમ છે. આ ટીમમાં ઈજામાંથી સાજા થયેલા સ્પિનર વરુણ ચક્રવર્તીનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. જ્યારે હાલમાં વેસ્ટઈન્ડિઝ સામે રમી રહેલી ટીમના મોટાભાગના ખેલાડીઓને જાળવી રખાયા છે. ટી-20 સીરિઝ માટે ભારતીય ટીમનું નેતૃત્વ શ્રેયસ અય્યર કરશે, જ્યારે તિલક વર્મા વાઈસ કેપ્ટન રહેશે.

ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે પાંચ મેચની ટી-20 સીરિઝ 22 ઓક્ટોબરથી પહેલી નવેમ્બર દરમિયાન રમાશે. સીરિઝની પ્રથમ મેચ 22 ઓક્ટોબરે ક્રાઇસ્ટચર્ચમાં રમાશે, જ્યારે બીજી મેચ પણ આ જ મેદાન પર 24 ઓક્ટોબરે યોજાશે. ત્રીજી મેચ 27 ઓક્ટોબરે વેલિંગ્ટનમાં, ચોથી મેચ 30 ઓક્ટોબરે ઓકલેન્ડમાં અને પાંચમી મેચ પહેલી નવેમ્બરે હેમિલ્ટનમાં રમાશે. ટી-20 સીરિઝ પૂર્ણ થયા બાદ ભારતીય ટીમ પાંચ વનડે અને બે ટેસ્ટ મેચની સીરિઝ પણ રમશે.

ન્યૂઝીલેન્ડ પ્રવાસ માટે ભારતની ટી-20 ટીમ

શ્રેયસ અય્યર (કેપ્ટન), તિલક વર્મા (વાઈસ કેપ્ટન), અભિષેક શર્મા, સંજુ સેમસન (વિકેટકીપર), વૈભવ સૂર્યવંશી, ઈશાન કિશન (વિકેટકીપર), અક્ષર પટેલ, શિવમ દુબે, નીતિશ કુમાર રેડ્ડી, નમન ધીર, પ્રિન્સ યાદવ, મયંક યાદવ, અર્શદીપ સિંહ, ભુવનેશ્વર કુમાર, વરુણ ચક્રવર્તી, કુલદીપ યાદવ.

ન્યૂઝીલેન્ડ સામેની ત્રણ મલ્ટિ ડે મેચની સીરિઝ માટે ભારત-એ ટીમ પણ જાહેર, રાહુલ, પંત, જયસ્વાલ સામેલ

પસંદગી સમિતિએ ન્યુઝીલેન્ડ એ સામેની ત્રણ મેચની મલ્ટી-ડે શ્રેણી માટે ભારત એ ટીમની પણ જાહેર કરી છે. જેમાં કેએલ રાહુલ, દેવદત્ત પડિકલ, ઋષભ પંત, ધ્રુવ જુરેલ અને વોશિંગ્ટન સુંદરને સ્થાન આપવામાં આવ્યું છે. ટીમ મેનેજમેન્ટ આ ખેલાડીઓને બે ટેસ્ટ મેચની સીરિઝ માટે મૂલ્યવાન મેચ પ્રેક્ટિસ આપવા માંગે છે. ઇન્ડિયા એ મેચના કાર્યક્રમથી ખેલાડીઓ કિવી પરિસ્થિતિઓને અનુરૂપ થઈ શકશે અને સિનિયર ટીમના ટેસ્ટ અભિયાન શરૂ થાય તે પહેલાં મધ્યમાં કિંમતી સમય મેળવી શકશે. જમ્મુ અને કાશ્મીર સામેની ઈરાની કપ ફાઇનલ દરમિયાન વિકેટકીપર-બેટરને તાવ આવ્યો હતો, જેના કારણે પંતનો એ ટીમમાં સમાવેશ ફિટનેસને આધીન છે.

ન્યૂઝીલેન્ડ પ્રવાસ માટે ભારત-એ ટીમ

ધ્રુવ જુરેલ (કેપ્ટન/વિકેટકીપર) યશસ્વી જયસ્વાલ, કેએલ રાહુલ, દેવદત્ત પડીક્લ, રવિચંદ્રન સમરન, ઋષભ પંત (વિકેટકીપર), વોશિંગ્ટન સુંદર, આકિબ નબી, આકાશ દીપ, અંશુલ કંબોજ, માનવ સુથાર, મુકેશ ચૌધરી, સાઇ સુદર્શન, યશ રાઠોડ, મુકેશ કુમાર

હરમનપ્રીત કૌરે તમામ ફોર્મેટમાં ભારતીય ટીમની કેપ્ટનશીપ છોડી

બીસીસીઆઇની સમીક્ષા બેઠક બાદ નિર્ણય લીધો, સ્મૃતિ મંધાના નવો ચહેરો બનવાની રેસમાં સૌથી આગળ

હરમનપ્રીતે ઇન્સ્ટાગ્રામ પર લાંબી પોસ્ટ લખીને ત્રણેય ફોર્મેટમાં કેપ્ટનશિપ છોડવાની જાહેરાત કરી

નવી દિલ્હી, તા. 06 (પીટીઆઇ) : ભારતીય મહિલા ક્રિકેટ ટીમને પ્રથમ વનડે વર્લ્ડકપ અપાવનાર કેપ્ટન હરમનપ્રીત કૌરે આજે મંગળવારે ત્રણેય ફોર્મેટની કેપ્ટનશીપ પરથી રાજીનામું આપી દીધું છે. 37 વર્ષીય હરમનપ્રીતે જણાવ્યું કે તેણે કેપ્ટન તરીકે પોતાની ફરજ પૂરી કરી છે અને હવે તે માત્ર રમત પ્રત્યેના પ્રેમ માટે રમવા તૈયાર છે. ગુવાહાટીમાં બીસીસીઆઇના સેક્રેટરી દેવજિત સાઇકિયા, વાઇસ કેપ્ટન સ્મૃતિ મંધાના અને મુખ્ય કોચ અમોલ મજુમદારની હાજરીમાં યોજાયેલી સમીક્ષા બેઠક બાદ આ જાહેરાત સામે આવી છે.

હરમનપ્રીત કૌરે સોશિયલ મીડિયા પર પોતાની ભાવુક પોસ્ટમાં લખ્યું કે હું આજે ત્રણેય ફોર્મેટમાં ભારતીય મહિલા ક્રિકેટ ટીમની કેપ્ટનશીપ છોડી રહી છું.

ભારતીય ટીમનું નેતૃત્વ કરવું એ તેમના માટે ગર્વની વાત રહી છે અને આ નિર્ણય લેવો સરળ નહોતો.

કેપ્ટનશીપ છોડ્યા બાદ પણ તેઓ ત્રણેય ફોર્મેટમાં ખેલાડી તરીકે દેશ માટે રમવાનું ચાલુ રાખશે.

તાજેતરમાં ટીમ ટી-20 વર્લ્ડકપની સેમી ફાઈનલમાં પહોંચવામાં નિષ્ફળ રહી હતી અને તેના પોતાના બેટિંગ પ્રદર્શનને લઈને પણ ટીકાઓ થઈ રહી હતી. મંધાના હવે ટીમની આગામી કેપ્ટન બનવાની પ્રબળ દાવેદાર માનવામાં આવે છે. હરમનપ્રીતે 2016માં ટી20 ટીમની, 2022માં વનડે અને 2023માં તમામ ફોર્મેટની કેપ્ટનશીપ સંભાળી હતી. તેના નેતૃત્વમાં ભારતે એશિયન ગેમ્સમાં ગોલ્ડ અને કોમનવેલ્થ ગેમ્સમાં સિલ્વર મેડલ પણ જીત્યો હતો.

કેપ્ટન તરીકે હરમનપ્રીત કૌર

ફોર્મેટ	મેચ	જીત
ટેસ્ટ	5	4
વન ડે	51	30
ટી-20I	155	93
કુલ	211	127

મુખ્ય ઉપલબ્ધિ

- » પ્રથમ વનડે વર્લ્ડ કપ ટ્રોફી
- » એશિયાડમાં સતત 2 ગોલ્ડ
- » CWG 2022માં સિલ્વર મેડલ
- » 150થી વધુ ટી-20Iમાં ટીમનું નેતૃત્વ કરનારી વિશ્વની પ્રથમ કેપ્ટન

હરમનપ્રીત કૌર વન ડે-ટેસ્ટમાં કેપ્ટનશીપ ચાલુ રાખવા માગતી હતી પણ BCCIના દબાણથી નિર્ણય બદલ્યો

હરમનપ્રીત કૌરે તમામ ફોર્મેટમાંથી કેપ્ટનપદ છોડ્યા પછી એવા અહેવાલો આવ્યા છે કે તે ટી-20ની કેપ્ટનશિપ છોડીને વન ડે અને ટેસ્ટમાં કેપ્ટનશિપ ચાલુ રાખવા માગતી હતી પરંતુ બીસીસીઆઇ તમામ ફોર્મેટમાં કેપ્ટનશીપમાં ફેરફાર ઇચ્છતી હોવાથી આખરે તેણે તમામ ફોર્મેટમાં કેપ્ટનશિપ છોડવાની ફરજ પડી હતી. સચિવ દેવજીત સૈકિયા, મહિલા ટીમની કેપ્ટન હરમનપ્રીત કૌર અને વાઇસ કેપ્ટન સ્મૃતિ મંધાના સાથે ગુવાહાટીમાં યોજાયેલી સમિક્ષા બેઠક દરમિયાન, તેને જણાવવામાં આવ્યું હતું કે પસંદગીકારો નેતૃત્વમાં ફેરફાર ઇચ્છે છે. હરમનપ્રીત માનતી હતી કે ટીમને અનુભવની જરૂર છે અને તે બધા ફોર્મેટમાં નેતૃત્વ કરવા માટે સંપૂર્ણપણે તૈયાર છે. તેણે પછીથી સ્વીકાર્યું કે ટી-20 ક્રિકેટમાં તે યુવા ખેલાડીઓને તક આપવા માટે પદ છોડી શકે છે અને વન ડે અને ટેસ્ટ ટીમોની કેપ્ટનશિપ ચાલુ રાખવા માંગતી હતી. પણ બીસીસીઆઇ એ તમામ ફોર્મેટમાં કેપ્ટનશિપ બદલવાનું જણાવતા તેણે આ નિર્ણય લીધો હતો.

ધીરની બોલિંગ, શ્રેયસની બેટિંગથી ભારતે વિન્ડીઝને આઠ વિકેટે હરાવ્યું

નમન ધીરની આગેવાનીમાં ભારતીય બોલરોની પ્રભાવક બોલિંગ સામે આક્રમક શરૂઆત બાદ વેસ્ટઇન્ડિઝ 171 રનમાં ઓલઆઉટ

ભારતે બંને ઓપનરની વિકેટ પાવરપ્લેમાં જ ગુમાવ્યા પછી શ્રેયસ અય્યરે સદી ફટકારીને ભારતને 32 બોલ બાકી રાખી જીતાડ્યું

લખનઉ, તા. 06 : પાંચ ટી-20 ઈન્ટરનેશનલ મેચોની સીરિઝની પ્રથમ મેચમાં આજે મંગળવારે ઓલરાઉન્ડર નમન ધીરે પોતાની ડેબ્યુ મેચમાં શાનદાર ઓફ સ્પિન બોલિંગનું પ્રદર્શન કરીને ઝડપેલી ત્રણ વિકેટના કારણે ભારતે વેસ્ટ ઇન્ડિઝને 171 રનમાં ઓલઆઉટ કરી દીધું હતું. ભારતે કેપ્ટન શ્રેયસ અય્યરની નોટઆઉટ શતકીય ઈનિંગ અને ઈશાન કિશન સાથેની તેની નોટઆઉટ શતકીય ભાગીદારીની મદદથી 14.4 ઓવરમાં બે વિકેટે લક્ષ્યાંક આંબીને મેચ આઠ વિકેટે જીતવા સાથે સીરિઝમાં 1-0ની સરસાઇ મેળવી લીધી હતી.

લક્ષ્યાંક આંબવા મેદાને પડેલી ભારતીય ટીમને અભિષેક આદત અનુસાર ઝડપી શરૂઆત અપાવી હતી પણ તે પછી ભારતે બંને ઓપનરની વિકેટ 35 રનના સ્કોર પર ગુમાવી દીધી હતી. તે પછી અય્યર અને ઈશાન વચ્ચે ત્રીજી વિકેટની નોટઆઉટ 137 રનની ભાગીદારી થઈ હતી. અય્યર 102 અને ઈશાન 37 રને નોટઆઉટ રહ્યા હતા.

આ પહેલા પ્રથમ બેટિંગ કરતા વેસ્ટ ઈન્ડિઝના કેપ્ટન શે હોપે ઈનિંગ્સની આક્રમક શરૂઆત કરી હતી છઠ્ઠી ઓવરમાં શિમરોન હેટમાયર બિનજરૂરી સિંગલ લેવાના પ્રયાસમાં રનઆઉટ થયો હતો. તે જ ઓવરમાં અક્ષર પટેલે રોવમેન પોવેલને બોલ્ડ કરીને વેસ્ટ ઇન્ડિઝને બેવડો ઝટકો આપ્યો હતો. હોપ 37 બોલમાં 52 અને શેરફેન રધરફોર્ડે 34 બોલમાં 56 રનની ઈનિંગ્સ રમી હતી.ધીરે 31 રનમાં 3 વિકેટ મેળવી હતી, જ્યારે કુલદીપ યાદવે પણ 33 રનમાં 2 વિકેટ ઝડપીને વેસ્ટ ઈન્ડિઝને મર્યાદિત સ્કોર સુધી સીમિત રાખવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી.

વેસ્ટઇન્ડિઝ	રન	બોલ	4	6
હોપ કો.અક્ષર બો..નમન	52	37	6	2
કામિલ બો.અર્શદીપ	12	11	2	0
હેટમાયર રનઆઉટ	5	2	1	0
પોવેલ બો.અક્ષર	0	3	0	0
રધરફોર્ડ કો.નમન બો.મયંક	56	34	6	3
ચેઝ LB બો.કુલદીપ	5	3	1	0
શેફર્ડ કો.તિલક બો,નમન	7	5	0	1
ફોર્ડ કો.ઇશાન બો.કુલદીપ	2	4	0	0
સ્પ્રીંગર કો.અક્ષર બો.નમન	9	7	0	1
અકિલ કો.ઇશાન બો.અક્ષર	15	9	1	1
જોસેફ નોટઆઉટ	0	1	0	0
વધારાના	8			
કુલ (19.1 ઓવરમાં ઓલઆઉટ)	171			

વિકેટપતન : 1-38, 2-44, 3-44, 4-107, 5-114, 6-121, 7-124, 8-135, 9-171, 10-171

બોલિંગ	O	M	R	W
અર્શદીપ સિંહ	4	0	34	1
મયંક યાદવ	4	0	40	1
અક્ષર પટેલ	3.1	1	26	2
કુલદીપ યાદવ	4	0	33	2
નમન ધીર	4	0	31	3

ભારત	રન	બોલ	4	6
સેમસન કોએન્ડબો.અકિલ	11	9	1	0
અભિષેક કો.હેટમાયર બો.ચેઝ	21	10	3	1
ઇશાન નોટઆઉટ	37	27	5	0
શ્રેયસ નોટઆઉટ	102	43	10	6
વધારાના	1			
કુલ (14.4 ઓવરમાં બે વિકેટે)	172			

વિકેટપતન : 1-29, 2-35

બોલિંગ	O	M	R	W
મેથ્યુ ફોર્ડ	2	0	39	0
અકિલ હોસેન	4	0	37	1
રોસ્ટન ચેઝ	3.4	0	37	1
શેમાર જોસેફ	2	0	23	0
રોમારિયો શેફર્ડ	2	0	24	0
શેમાર સ્પ્રીંગર	1	0	12	0

PCBએ બ્રોડકાસ્ટિંગ રાઈટ્સ અડધી કિંમતે પીટીવીને વેચવા પડ્યા

રૂ. 60 કરોડની અનામત કિંમત સામે એકમાત્ર પીટીવીએ રૂ. 35 કરોડની બોલી લગાવી

લાહોર, તા. 06 (પીટીઆઇ) : પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (પીસીબી) ને આગામી 25 આંતરરાષ્ટ્રીય હોમ મેચોના બ્રોડકાસ્ટિંગ અધિકારો અનામત કિંમત કરતાં લગભગ અડધા ભાવે વેચવાની ફરજ પડી છે. બોર્ડ દ્વારા ટેન્ડર બહાર પાડવામાં આવ્યું હોવા છતાં માત્ર સરકારી પ્રસારણકર્તા પાકિસ્તાન ટેલિવિઝન કોર્પોરેશન (પીટીવી)એ જ બોલી લગાવી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર, પીસીબીએ આ વખતે કોન્સોર્ટિયમ તરીકે બોલી લગાવવાની મંજૂરી આપી ન હતી. પરિણામે, 60 કરોડ રૂપિયાની નક્કી કરાયેલી અનામત કિંમત સામે પીટીવીએ માત્ર 35 કરોડ રૂપિયાની નીચી બોલી લગાવીને આ અધિકારો મેળવી લીધા છે. આ નવા કરારમાં 5 ટેસ્ટ, 14 વનડે અને 6 ટી20 સહિત 25 હોમ મેચોનો સમાવેશ થાય છે. રાષ્ટ્રીય ટીમનું તાજેતરનું નબળું પ્રદર્શન અને પ્રસારણકર્તાઓ પાસે અગાઉની બાકી રકમ ન મળવી એ આ સ્થિતિનું મુખ્ય કારણ છે. ભૂતકાળમાં કરાર કરનાર ઓછામાં ઓછા ત્રણ પ્રસારણકર્તાઓ પર બોર્ડના કરોડો રૂપિયા બાકી છે.

BCCI દ્વારા રાષ્ટ્રીય પસંદગીકારના પદ માટે અરજીઓ મગાવવામાં આવી

ખાલી પડેલી જગ્યા માટે અરજી કરવાની અંતિમ તારીખ 14 ઓક્ટોબર

અરજી મગાવાતા અગરકરની સત્તાવાર વિદાય, પાર્થિવ પટેલનું નામ પણ ચર્ચામાં

નવી દિલ્હી, તા. 06 : બીસીસીઆઈએ આજે મંગળવારે પુરુષ પસંદગી સમિતિમાં ખાલી પડેલી એક જગ્યા માટે અરજીઓ મગાવી છે. અજિત અગરકરનો કાર્યકાળ ચોથી ઓક્ટોબરના રોજ પૂર્ણ થયો હતો. અગરકરે 18 સપ્ટેમ્બરના રોજ યોજાયેલી એજીએમ પછી બોર્ડને જાણ કરી હતી કે તે કરારના મુદ્દત વધારા માટે અરજી નહીં કરે. હાલમાં માજી સ્પિનર પ્રજ્ઞાન ઓઝા વચગાળાના મુખ્ય પસંદગીકાર તરીકે સેવા આપી રહ્યો છે, 24 ટેસ્ટ રમી ચૂકેલા ઓઝાને સિનિયોરિટીના આધારે કાયમી ચેરમેન બનાવવામાં આવી શકે છે, જો 25 ટેસ્ટ રમનાર પાર્થિવ પટેલ કમિટીમાં સામેલ થાય છે તો તે સિનિયોરિટીમાં ઓઝા કરતાં આગળ નીકળી જશે. આ પદ માટે અરજી કરવાની છેલ્લી તારીખ 14 ઓક્ટોબર નક્કી કરવામાં આવી છે.

પસંદગીકાર માટે પાત્રતાના મુખ્ય માપદંડ

ઓછામાં ઓછી 7 ટેસ્ટ અથવા 30 પ્રથમ શ્રેણી મેચ રમેલી હોવી જોઈએ.
અથવા 10 વનડે અને 20 પ્રથમ શ્રેણી મેચનો અનુભવ હોવો જરૂરી છે.
ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધાને ઓછામાં ઓછા 5 વર્ષ પૂર્ણ થયા હોવા જોઈએ.
BCCIની કોઈપણ કમિટીમાં કુલ 5 વર્ષથી વધુ સેવા આપનાર વ્યક્તિ અપાત્ર

મંધાના બની ભારતીય મહિલા ટીમની નવી કેપ્ટન

હરમાનપ્રીત વિદાય બાદ બીસીસીઆઇએ અનુભવી ઓપનર સ્મૃતિ મંધાનાને ટીમનું સુકાન સોંપ્યું

નવી દિલ્હી, તા. 06 (પીટીઆઇ) : હરમાનપ્રીત કૌરે ભારતીય મહિલા ક્રિકેટ ટીમના સુકાનીપદેથી રાજીનામું આપ્યા બાદ અનુભવી ઓપનર સ્મૃતિ મંધાનાને ટીમની નવી કેપ્ટન તરીકે નિયુક્ત કરવામાં આવી છે. આ અંગે માહિતી આપતા બીસીસીઆઇએ પોતાની વેબસાઇટ પર જણાવ્યું કે, ભારતીય મહિલા ક્રિકેટ ટીમના કેપ્ટન તરીકે સ્મૃતિ મંધાનાની નિયુક્તિ કરવામાં આવી છે. સ્મૃતિ છેલ્લા ઘણા વર્ષોથી ભારતીય મહિલા ક્રિકેટમાં એક અગ્રણી ખેલાડી રહી છે અને તેણે તમામ ફોર્મેટમાં ટીમની પ્રગતિમાં મહત્વની ભૂમિકા ભજવી છે. આંતરરાષ્ટ્રીય સ્તરે વિશાળ અનુભવ ધરાવતી સ્મૃતિએ સ્થાનિક તેમજ ફ્રેન્ચાઇઝી ક્રિકેટમાં પણ પોતાની નેતૃત્વ ક્ષમતા સાબિત કરી છે. તેણે તાજેતરમાં જ રોયલ ચેલેન્જર્સ બેંગલુરુને 2024 અને 2026માં વિમેન્સ પ્રીમિયર લીગના ટાઇટલ અપાવ્યા હતા.

IPLની નવી સિઝનમાં સૌરવ ગાંગુલી દિલ્હી કેપિટલ્સનો મુખ્ય કોચ

નવી દિલ્હી, તા. 06 (પીટીઆઇ) : ભારતીય ક્રિકેટ ટીમનો માજી કપ્તાન સૌરવ ગાંગુલીને 2027ની ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ) સીઝન માટે દિલ્હી કેપિટલ્સના મુખ્ય કોચ તરીકે નીમવામાં આવ્યો છે. તે હેમાંગ બદાનીનું સ્થાન લેશે, જેના માર્ગદર્શન હેઠળ દિલ્હીની ટીમ છેલ્લી 2 સીઝનમાં પ્લેઓફમાં પહોંચવામાં નિષ્ફળ રહી હતી. ગાંગુલીનો દિલ્હી કેપિટલ્સ સાથેનો સંબંધ 2019માં સલાહકાર તરીકે શરૂ થયો હતો. ત્યાર પછી તેણે આ ફ્રેન્ચાઈઝીમાં પુરૂષ અને મહિલા બંને ટીમોના ક્રિકેટ ડિરેક્ટર સહિત વિવિધ મહત્વની જવાબદારીઓ સંભાળી છે. ગયા વર્ષે તે દિલ્હી કેપિટલ્સની દક્ષિણ આફ્રિકાની એસએ20 ટીમ પ્રિટોરિયા કેપિટલ્સના પણ હેડ કોચ રહ્યો હતો. ગાંગુલીએ જણાવ્યું હતું કે આઈપીએલમાં હેડ કોચની ભૂમિકા સ્વીકારવા માટે તેઓ આતુર છે.

વન ડે વર્લ્ડકપમાં ભારત-પાકિસ્તાન વચ્ચેની મેચની ટિકિટનો જોરદાર ક્રેઝ

ભારત-પાકિસ્તાન વનડે વર્લ્ડકપની મેચ માટે 48 કલાકમાં એક લાખથી વધુ ટિકિટની માગ

1 ઓક્ટોબરે ટિકિટ બેલેટ ખુલ્યા પછી ભારતની લગભગ તમામ મેચો માટે ટિકિટની સૌથી વધુ માગ દેખાઇ

દુબઇ, તા. 06 (પીટીઆઇ) : ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઈસીસી) એ જણાવ્યું છે કે આવતા વર્ષે રમાનારા વનડે વર્લ્ડકપમાં 10 ઓક્ટોબરે ભારત અને પાકિસ્તાન વચ્ચે યોજાનારી મેચ માટે ફેન્સ તરફથી એક લાખથી વધુ ટિકિટ અરજીઓ મળી છે. દક્ષિણ આફ્રિકા, ઝિમ્બાબ્વે અને નામિબિયામાં આવતા વર્ષે બે ઓક્ટોબરથી 21 નવેમ્બર દરમિયાન આયોજિત વનડે વર્લ્ડકપ 2027 માટે એક ઓક્ટોબરે ટિકિટ બેલેટ ખુલ્યા બાદ ટિકિટોની માગ 10 લાખના આંકડાને પાર કરી ગઈ છે.

આઈસીસીના જણાવ્યા અનુસાર 320,000 થી વધુ ચાહકોએ નોંધણી કરાવી છે. તેમાં ભારત-પાકિસ્તાન મેચ સૌથી વધુ માગ ધરાવે છે. ત્યારપછી દક્ષિણ આફ્રિકા વિરૂદ્ધ ભારતની મેચ માટે 86,000 થી વધુ અને ભારત વિરૂદ્ધ ઓસ્ટ્રેલિયાની મેચ માટે 80,000 થી વધુ અરજીઓ આવી છે. આ સિવાય સાતમી નવેમ્બરે રમાનારી ભારત અને પાકિસ્તાન વચ્ચેની સુપર 7 મેચ માટે 75,000 અરજીઓ મળી છે. જોહાનિસબર્ગના વાન્ડરર્સમાં યોજાનારી ફાઈનલ મેચ માટે પણ લગભગ 65,000 અરજીઓ નોંધાઈ છે.

આઈસીસીના સીઈઓ સંજોગ ગુપ્તાએ જણાવ્યું કે માત્ર 48 કલાકમાં 10 લાખ અરજીઓ મળવી એ ટુર્નામેન્ટ પ્રત્યે ચાહકોનો જબરદસ્ત ઉત્સાહ દર્શાવે છે.

ટિકિટ દર અને માગની મુખ્ય વિગતો

પ્રારંભિક ટિકિટ દર : 9.62 યુએસ ડોલર (158 રેન્ડ)
ટોચની મેચો : 31.31 યુએસ ડોલર (514 રેન્ડ)
કુલ ટિકિટ અરજીઓ : 10 લાખથી વધુ
ભારત વિ પાકિસ્તાન : એક લાખથી વધુ અરજીઓ
દ. આફ્રિકા વિ ભારત : 86,000 થી વધુ અરજીઓ
ભારત વિરૂદ્ધ ઓસ્ટ્રેલિયા : 80,000 થી વધુ અરજીઓ

ભારત સહિત સાત દેશ 2036 ઓલિમ્પિક્સ યજમાનીની રેસમાં

ભારત, જર્મની, હંગેરી, કતાર, દ કોરિયા, દ આફ્રિકા તુર્કીને નવેમ્બરમાં પ્રેઝન્ટેશન માટે નિમંત્રણ

31 ઓક્ટોબર પછી કોઇ નવી અરજી નહીં સ્વીકારાય, ભારતે 2024માં જ અમદાવાદમાં આયોજન માટે દાવેદારી કરી દીધી હતી

લોઝાન, તા. 06 (પીટીઆઇ) : ઈન્ટરનેશનલ ઓલિમ્પિક કમિટી (આઈઓસી) એ આજે મંગળવારે જાહેરાત કરી છે કે ભારત સહિત કુલ સાત દેશોએ 2036ના ઓલિમ્પિક્સ નું યજમાનપદ મેળવવામાં સત્તાવાર રસ દર્શાવ્યો છે. આ તમામ દાવેદાર દેશોને આવતા નવેમ્બર મહિનામાં આઈઓસીની ફ્યુચર હોસ્ટ કમિશન સમક્ષ પોતાના પ્રોજેક્ટ્સ અને યોજનાઓ રજૂ કરવા માટે આમંત્રણ આપવામાં આવ્યું છે.

આઈઓસીના સત્તાવાર નિવેદન મુજબ ભારત ઉપરાંત જર્મની, હંગેરી, કતાર, દક્ષિણ કોરિયા, દક્ષિણ આફ્રિકા અને તુર્કી આ દાવેદારીની રેસમાં સામેલ છે. આઈઓસીએ સ્પષ્ટ કર્યું છે કે 31 ઓક્ટોબર પછી 2036ના ઓલિમ્પિક્સ માટે કોઈ નવા દેશની અરજી ધ્યાનમાં લેવામાં આવશે નહીં. ભારતે આ મેગા રમતોત્સવના આયોજન માટે અમદાવાદ શહેરની પસંદગી કરી છે. ભારતે 2024માં જ પોતાની દાવેદારી પત્ર સબમિટ કરી દીધો હતો. જો ભારતને આ તક મળશે તો દેશમાં પ્રથમ વખત ઓલિમ્પિક્સ રમાશે. નવેમ્બરમાં યોજાનારા પ્રેઝન્ટેશન બાદ 2029ના મધ્યમાં આયોજક દેશની આખરી પસંદગી કરવામાં આવશે.

ઉરુગ્વેએ ફ્રેન્ડલી ફૂટબોલ મેચમાં ભારતને 6-1થી હરાવ્યું

કોલકાતા, તા. 06 : ઉરુગ્વેએ આજે મંગળવારે અહીં રમાયેલી ઇન્ટરનેશનલ ફ્રેન્ડલી ફૂટબોલ મેચમાં બીજા હાફમાં આક્રમક પ્રદર્શન કરીને ભારતને 6-1થી હરાવ્યું હતું. બે વખતના વિશ્વ ચેમ્પિયન ઉરુગ્વેએ ૧૧મી મિનિટે લીડ મેળવી જ્યારે ડાર્વિન નુનેઝે પેનલ્ટીમાં રૂપાંતર કર્યું. પરમવીર સિંહને બોક્સની અંદર ફેડેરિકો વિનાસને ફાઉલ કરવા બદલ દોષિત ઠેરવવામાં આવ્યા બાદ ઉરુગ્વેને પેનલ્ટી આપવામાં આવી હતી. જોકે, ભારતે શાનદાર જવાબ આપ્યો, 22મી મિનિટે અનિરુદ્ધ થાપાએ બરાબરીનો ગોલ કર્યો. ગોલકીપર થિયાગો કાર્ડોઝોએ રાયન વિલિયમ્સનો શોટ બચાવ્યો, પરંતુ થાપાએ રિબાઉન્ડને ગોલમાં રૂપાંતરિત કર્યો. ૨૮મી મિનિટે ઉરુગ્વેએ મેક્સિમિલિઆનો અરાઉજોના ગોલથી ફરી લીડ મેળવી લીધી. પહેલા હાફના અડધા કલાક પછી વીજળીના કડાકાએ રમતને થોડા સમય માટે અટકાવી દીધી હતી, પરંતુ હવામાનના વિક્ષેપ પછી મેચ ફરી શરૂ થઈ હતી. બીજા હાફમાં ભારત ઉરુગ્વેના આક્રમક રમતનો સામનો કરી શક્યું નહીં.

ઘૂંટણની ઈજાના કારણે યાનિક સિનર આ આખું વર્ષ રમતથી દૂર રહેશે

મોનાકો, તા. 06 : વિશ્વના ટોચના ક્રમાંકિત ટેનિસ ખેલાડી યાનિક સિનરે ઘૂંટણની સતત ઈજાના કારણે આ વર્ષના બાકીના સમય માટે રમવામાંથી ખસી જવાની જાહેરાત કરી છે. જુલાઇ મહિનામાં વિમ્બલડનની ફાઇનલમાં એલેક્ઝાન્ડર ઝવેરેવને હરાવ્યા બાદ સિનરે એકપણ મેચ રમી નથી. જમણા ઘૂંટણની ઈજાના કારણે તે અગાઉ યુએસ ઓપનમાંથી પણ હટી ગયો હતો. ઈન્સ્ટાગ્રામ પર આજે મંગળવારે એક વીડિયો સંદેશમાં સિનરે જણાવ્યું હતું કે, મેં ડોક્ટરો સાથે મળીને નિર્ણય લીધો છે કે મારા ઘૂંટણને સારવારની જરૂર છે.

અલ્કારાઝે જાપાન ઓપન ટાઇટલ જાળવી રાખ્યું

અલ્કારાઝે કારકિર્દીની 27મી ટ્રોફી અને ચાલુ વર્ષનું ત્રીજું ટાઇટલ પોતાના નામે કર્યું



ટોક્યો, તા. 06, (એપી) : જમણા કાંડાની ઈજાને કારણે 4.5 મહિના ટેનિસથી દૂર રહ્યા બાદ વાપસી કરનાર કાર્લોસ અલ્કારાઝે આજે મંગળવારે જીરી લીહેચકાને 7-6, 6-4 થી પરાજય આપીને જાપાન ઓપન ખિતાબ સફળતાપૂર્વક જાળવી રાખ્યો છે. ઓગસ્ટના અંતમાં વાપસી કર્યા બાદ અલ્કારાઝનું આ ચાલુ વર્ષનું ત્રીજું અને કારકિર્દીનું 27મું ટાઇટલ છે. તેણે આ વર્ષની શરૂઆતમાં ઓસ્ટ્રેલિયન ઓપન સ્વરૂપે પોતાનું 7મું ગ્રાન્ડ સ્લેમ ટાઇટલ જીત્યું હતું તથા ફેબ્રુઆરીમાં દોહામાં વિજેતા બન્યો હતો. ફાઇનલ મુકાબલામાં 19મા ક્રમાંકિત લીહેચકા સામે પ્રથમ ગેમમાં જ અલ્કારાઝની સર્વિસ બ્રેક થઈ હતી, પરંતુ તેણે વળતો પ્રહાર કરીને સ્કોર 3-3 થી સરભર કર્યો હતો. ટાઇબ્રેકરમાં 4-2 થી પાછળ રહ્યા બાદ સ્પેનિશ ખેલાડીએ સતત 5 પોઇન્ટ જીતીને પ્રથમ સેટ પોતાના નામે કર્યો હતો.

નેશન્સ લીગ ફૂટબોલમાં ફ્રાન્સ અને ઈટાલીનો વિજય

પેરિસ, તા. 06 : પેરિસમાં રમાયેલી નેશન્સ લીગ ફૂટબોલ મેચમાં ફ્રાન્સે બેલ્જિયમને 4-1થી પરાજય આપ્યો હતો. મુખ્ય કોચ તરીકે ઝિનેદિન જીદાને પોતાના ઘરઆંગણે પ્રથમ વિજય નોંધાવ્યો હતો. બીજી તરફ, ઈટાલીએ રોબર્ટો માનચિનીના માર્ગદર્શન હેઠળ તુર્કીને 3-1થી પરાજય આપ્યો હતો. ઈટાલી માટે જિયાનલુકા સ્કામાકા, રિકાર્ડો કેલાફિઓરી અને પિયો એસ્પોસિટોએ ગોલ નોંધાવ્યા હતા. 21 વર્ષથી ઓછી ઉંમરમાં 7 આંતરરાષ્ટ્રીય ગોલ કરનાર એસ્પોસિટો ઈટાલીનો બીજો યુવા ખેલાડી બન્યો હતો.

માંડવી નગરપાલિકા જી. સુરત
પંડિત દીનદયાલ ઉપાધ્યાય ભવન, બસ સ્ટેશન સામે. માંડવી
તા. માંડવી જી.સુરત-૩૯૪૧૬૦
ઈ-મેલ : MANDVI_NAGARPALIKA@YAHOO.CO.IN
ફોન : ૦૨૬૨૩-૨૨૧૮૧૦ ફાયર સ્ટેશન : ૦૨૬૨૩-૨૨૩૧૦૧ (૧૦૧)

ટુંકી મુદતની જાહેર નિવિદા

આથી રસ ધરાવતા ઓથોરાઈઝડ ડીલર/ એજન્સી/ કંપની/ સંસ્થાઓ પાસેથી માંડવી નગરપાલિકા વિસ્તારમાં આવેલ જગ્યા માટે હંગામી ધોરણે ફટાકડા વેચાણ કરવા અંગેના ભાવ મંગાવવામાં આવે છે રસ ધરાવતા ઓથોરાઈઝડ ડીલર/એજન્સી/કંપની/સંસ્થાઓ નીચેના પરિશિષ્ટ-૧ ની વિગત મુજબ કરવા અંગેના ભાવપત્રક જાહેરાત પ્રસિધ્ધ થયેથી તા.૦૯/૧૦/૨૦૨૬ ના સાંજે ૦૪:૦૦ સુધીમાં મેળવી લેવાનું રહેશે અને સદર હું ભાવપત્રક તા.૧૨/૧૦/૨૦૨૬ સુધીમાં સવારે ૧૧:૦૦ કલાકે રૂબરૂ લઈ અત્રેની કચેરી હાજર રહેવાનું રહેશે.

પરિશિષ્ટ-૧

ક્રમ	વિગત	માપ (ચો.ફૂટ)	ડીપોઝીટ પેટે ભરવાની થતી રકમ
૧	સુપડી વિસ્તાર બસ સ્ટેશન સામે	૩૦ * ૪૦	૫૦૦૦૦/-
૨	ગરેડીયા નાકા	૪૦ * ૨૦	૧૦૦૦૦/-
૩	હોકર્સ ઝોન	૫૦ * ૧૫	૧૦૦૦૦/-
૪	અંબાજી નાકા (ભગુભાઈ પંચાલના ઘર સામે)	૧૫ * ૧૦	૨૦૦૦૦/-
૫	અંબાજી નાકા ટોયલેટ બ્લોકની સામેની બાજુમાં	૧૫ * ૩૦	૧૦૦૦૦/-
૬	દૂધ મંડળીની બાજુમાં ઝંખવાવ રોડ	૨૦ * ૨૦	૫૦૦૦/-
૭	ઝંખવાવ રોડ - ચોરાની સામે	૧૦ * ૨૦	૫૦૦૦/-
૮	અંબાજી - મોરીઠા રોડ બસ સ્ટેશનની બાજુમાં	૧૦ * ૨૦	૫૦૦૦/-

શરતોઃ-
(૧) કોઈ પણ એજન્સીનું ભાવપત્રક મંજુર કરવું અથવા નકારવાની તમામ સત્તા માંડવી નગરપાલિકાની અબાધિત રહેશે. જેને માટે કોઈ કારણ આપવામાં આવશે નહીં.
(૨) બંધ કવર ઉપર કામનું નામ લખવું ફરજીયાત રહેશે.
(૩) ઉપરોક્ત માપો કરતાં વધારાનું મંડપબાંધકામ કરવામાં આવશે તો મંજુર થયેલ ભાવના સ્કેવરફુટ કરતા ત્રણ ગણા ભાવો વસુલ કરવામાં આવશે.
(૪) ભાવો મંજુર થયા બાદ દિન - ૨ માં મંજુર થયેલ રકમ જમાં કરવાની રહેશે અને જેતે જગ્યાના વેચાણની એનઓસી તથા ફી અલગથી ભરી મેળવવાની રહેશે.
(૫) સદર જગ્યા આપને ફક્ત હંગામી ધોરણે દિન-૧૫ માટે આપવામાં આવશે. ફાળવેલ દિવસો ઉપરાંત ઉપયોગ કરવામાં આવશે તો અલગથી ફી વસુલવામાં આવશે.
(૬) માંડવી નગરપાલિકા કે તેના સક્ષમ અધિકારી/પદાધિકારી/કર્મચારી કે બીજા કોઈ સક્ષમ સત્તાઅધિકારી કે ઓથોરીટી કોઈ સુચન કે હુકમ કરે તેનું પાલન કરવું રહેશે.
(૭) ઉપરોક્ત પરિશિષ્ટ - ૧ માં જે તે જગ્યા માટે ડીપોઝીટની રકમ માત્ર DD સ્વરૂપે જ ભાવપત્રકમાં રજુ કરવાની રહેશે. ભરપાઈ કરી જનાર ઈસમો હરાજીમાં ભાગ લઈ શકશે તથા રકમ ભરપાઈ કરી ગેરહાજર રહેશે તો ભરેલ બાનાની રકમ જપ્ત કરવામાં આવશે તથા નિર્દિષ્ટ જગ્યા માટે સૌથી ઉંચુ ભાવ હશે તેને જગ્યાફાળવવામાં આવશે ઈસમ દ્વારા ભરવામાં આવેલ ડીપોઝીટ ભાડા પેટે જમા લેવામાં આવશે તેમજ બાકી રહેતી ભાડાની રકમ શરત નં - ૪ મુજબ જમાં કરવાની રહેશે.
(૮) સદર ટેન્ડર કોપી ના રૂ.૬૦૦/- લેખે ભરપાઈ કરી નગરપાલિકા કચેરી ઉપરથી કોપી મેળવવાની રહેશે.
(૯) જે જગ્યા માટે હરાજીમાં ભાગ લેવા માંગતા હોય તેની સામે દર્શાવેલ ડીપોઝીટની રકમ ભરીને નગરપાલિકા ખાતે ભાવપત્રક મેળવી લેવું એક કરતાં વધારે જગ્યા માટે ભાગ લેવા માટે અલગ - અલગ ડીપોઝીટ ભરપાઈ કરવાની રહેશે.
(૧૦) ભાવપત્રક ઉપર જે જગ્યા પર ઈજારો મેળવવા માંગતા હોય તેનો સ્પષ્ટ ઉલ્લેખ કરીને બંધ કવર રજુ કરવાનું રહેશે.

કારોબારી અધ્યક્ષ
માંડવી નગરપાલિકા.જિ.સુરત

મુખ્ય અધિકારી
માંડવી નગરપાલિકા.જિ.સુરત

પ્રમુખ
માંડવી નગરપાલિકા.જિ.સુરત

ક્રમાંક.માહિતી-સુરત/૭૧૫/૨૦૨૬